# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-07-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-તામિલનાડુ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી તામિલનાડુના બે દિવસના પ્રવાસે રહેશે. બ્રિટન અને માલદિવથી પરત આવ્યા બાદ શ્રી મોદી સીધા તુતીકોરીન જશે. જ્યાં તેઓ રૂપિયા 4,800 કરોડની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શુભાંરભ તેમજ શિલાન્યાસ કરશે.

**------------------------------------------------------------------------------------------**

## લોકસભા-રાજ્યસભા કાર્યવાહી:

વિપક્ષ દ્વારા વિવિધ મુદ્દાઓ પર કરેલા હોબાળાને કરાયેલા રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરવામાં આવી હતી.

ગઈકાલે બપોરે બે વાગે ગૃહની કાર્યવાહી શરૂ થતાં વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો, જેના કારણે અધ્યક્ષને ગૃહને દિવસભર માટે સ્થગિત કરવાની ફરજ પડી હતી.

અગાઉ, જ્યારે રાજ્યસભા ગઈકાલે સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ, ત્યારે તમિલનાડુથી રાજ્યસભામાં નવા ચૂંટાયેલા સભ્યોએ શપથ લીધા હતા.

**------------------------------------------------------------------------------------------**

## ભાજપ-પ્રધાનમંત્રી મોદી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશના બીજા સૌથી લાંબા સમય સુધી અવિરત રહેનારા પ્રધાનમંત્રી બન્યા છે. ગઈકાલે નવી દિલ્હીમાં ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું

કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોના જનાદેશથી આ સિદ્ધિ મેળવી છે. તેમણે કહ્યું કે શ્રી મોદીએ 4 હજાર 78 દિવસનો સતત કાર્યકાળ પૂર્ણ કર્યો છે, જે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીનો રેકોર્ડ તોડી નાખે છે. શ્રી ત્રિવેદીએ કહ્યું કે પ્રધાનમંત્રી મોદીનો કાર્યકાળ વિકાસના સુવર્ણ પ્રકરણોથી ભરેલો રહ્યો છે.

-------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-આણંદ NCC એકેડમ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદના નાવલી ખાતે 5 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ NCC લીડરશીપ એકેડમીનું લોકાર્પણ કર્યું. આ એકેડમી NCC કેડેટ્સમાં નેતૃત્વ, શિસ્ત અને જવાબદાર નાગરિકતાના વિકાસ માટેનું કેન્દ્ર બનશે. પ્રથમ તબક્કામાં 200 કેડેટ્સ માટે રહેવા તથા તાલીમની વ્યવસ્થા, બીજા તબક્કાના નિર્માણ બાદ 600 કેડેટ્સ સામેલ થઇ શકશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં અમદાવાદ અને રાજપીપળા બાદ આણંદમાં ત્રીજી NCC લીડરશીપ એકેડમીનું નિર્માણ થયું છે.

-------------------------------------------------------------------------------------------

## રાજ્ય ગૃહમંત્રી-રાજકોટ:

રાજકોટમાં ગઈકાલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 185 લોકોને ભારતીય નાગરિકત્વ મળતા તેમણે સરકારનો આભાર માન્યો. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં 185 લોકોને 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર' એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ શ્રી સંઘવીએ ભારતીય નાગરિકતા મેળવનારા લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. શ્રી સંઘવીએ તેમને સરકાર તરફથી તમામ સહાયની ખાતરી આપી હતી.

-------------------------------------------------------------------------------------------

## રાજ્ય-અમદાવાદ-ભુતપુર્વ સૈનિક ભરતી મેળો:

ભૂતપૂર્વ સૈનિકોને નિવૃત્તિ પછી સશક્ત બનાવવા માટે, સંરક્ષણ મંત્રાલયના ભૂતપૂર્વ સૈનિકો કલ્યાણ વિભાગ હેઠળના પુનર્વસન મહાનિર્દેશાલય (DGR) દ્વારા ગઈકાલે અમદાવાદ મિલિટરી સ્ટેશન ખાતે રોજગાર મેળો યોજાઇ ગયો. આ મેળામાં 600 થી વધુ ભૂતપૂર્વ સૈનિકોએ પ્રત્યક્ષ ભાગ લીધો હતો, જ્યારે 2000 જેટલા લોકો ઓનલાઇન માધ્યમથી જોડાયા હતા. આ ભરતી મેળામાં 50 થી વધુ ખાનગી કંપનીઓ સાથે ગુજરાત સરકારના વિભાગ પણ જોડાયા હતા.

---

## રાજ્ય-મેન્ગ્રોવ:

'મિષ્ટી' યોજના હેઠળ 19 હજાર 520 હેક્ટર વિસ્તારમાં ચેરના વાવેતર સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. સરકારની Mangrove Initiative for Shoreline Habitats & Tangible Incomes' એટ્લે કે મિષ્ટી' યોજના હેઠળ રાજયમાં એક હજાર 175 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરાયું છે. જેમાં માત્ર કચ્છ જિલ્લામાં જ 6 હજાર હેક્ટરમાં ચેરના વૃક્ષો છે. જ્યારે મેન્ગ્રુવ આવરણની દ્રષ્ટિએ ગુજરાત દેશમાં બીજા ક્રમે છે. તેમાં પણ કચ્છ જિલ્લો 799 ચોરસ કિલોમીટર મેન્ગ્રુવ આવરણ સાથે રાજ્યમાં અગ્રેસર છે.

મેન્ગ્રોવ્સ એ દરિયાકાંઠાના જંગલો છે, જેમાં ખારાં પાણીમાં ઉગે તેવા વૃક્ષોનો સમાવેશ થાય છે. આ વૃક્ષો પોષકતત્વો અને કાંપને ફિલ્ટર કરીને પાણીની ગુણવત્તા સુધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

---

## કચ્છ-ભુજ-રાજકોટ ટ્રેન સેવા:

પશ્ચિમ રેલવે દ્વારા ભુજ અને રાજકોટ વચ્ચે ત્રિ-અઠવાડિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

ટ્રેન નંબર 09546 ભુજ-રાજકોટ સ્પેશિયલ તારીખ 30 જુલાઈ થી 28 સપ્ટેમ્બર સુધી દરેક બુધવાર, શુક્રવાર અને રવિવારે રાત્રે 11-15 વાગે ઉપડી બીજે દિવસે સવારે 5-50 વાગે રાજકોટ પહોંચશે. આ જ ટ્રેન દરેક મંગળવાર, ગુરૂવાર અને શનિવારે રાજકોટ થી રાત્રે 10-30 વાગે ઉપડી બીજા દિવસે સવારે 5 વાગે ભુજ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન અંજાર, આદિપુર, ગાંધીધામ, ભચાઉ, સામખ્યાલી, માલિયા-મિયાણા, દહિંસરા તથા મોરબી સ્ટેશનો પર રોકાશે.

---

## રાજ્ય-હવામાન:

આગામી સાત દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે પૂર્વ મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે.

---

## કચ્છ-હવામાન:

દરમ્યાન હવામાન વિભાગે બંગાળની ખાડીમાં સર્જાયેલી વરસાદી સિસ્ટમની અસર હેઠળ આગામી મંગળવાર સુધી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ગઈકાલે જીલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં તડકા છાયડાનો માહોલ જોવા મળ્યો હતો. ભુજ અને અંજાર વિસ્તારમાં કેટલાક સ્થળે ઝરમર વરસાદથી રસ્તા ભીંજાયા હતા.

---